Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018


# સર્વોદય આશ્રમ, માઢીના સ્થાપકોની જીવન ઝરમર

મહેશકુમાર વી. ચૌધરી
આસિસ્ટંટ પ્રોફેસર,ઈતિહાસ વિભાગ, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨, સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ,જાંબુઘોડા,જિ.પંચમહાલ


**સારાંશ** :સર્વોદય આશ્રમ, માઢીની સને ૧૯ જાન્યુઆરી, ૧૯૬૬માં સ્થાપના થઈ તે પૂર્વે ૨૮ મે,૧૯૪૯ના રોજ મહેસાણા જિલ્લામાં સર્વોદય આશ્રમ, વાલમ (તા.વિસનગર) ની સ્થાપના થઈ ચુકી હતી. સર્વોદય આશ્રમ, વાલમ દ્વારા ખાદી ગ્રામોદ્યોગ, બુનિયાદી શિક્ષણ,અસ્પૃશ્યતા નિવારણ, તેલઘાણી, અખાદ્ય તેલોના સાબુ, ખેત ઉત્પાદનના સાધનો, ખેતીના અવનવા પ્રયોગો જેવા અનેકવિધ રચનાત્મક કાર્યો હાથ ધર્યા. સર્વોદય આશ્રમ, વાલમ સાથે જોડાયેલા એવા શ્રી રામુભાઈ પટેલ,શ્રી રતિભાઈ જોશી, શ્રી કાંતિભાઈ શાહ તથા શ્રી વસંતભાઈ શાહ દ્વારા સર્વોદય આશ્રમ, માઢીમાં પણ આવા કાર્યો કરવામાં આવ્યા હતા. માઢી આશ્રમના આ સ્થાપકોની જીવન ઝરમર પ્રસ્તુત સંશોધનમાં આપવામાં આવેલ છે.

**ચાવીરૂપ શબ્દો** : સર્વોદય,ખાદી,ગોપાલન પ્રવૃત્તિ


**પ્રસ્તાવના** : સર્વોદય આશ્રમ,માઢીએ સ્થાપનાથી લઈ આજ દિન સુધી અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કરી છે.તેનો સાચો શ્રેય અગ્રગણ્ય વિરલ વિભુતિઓ એવી, શ્રી રામુભાઈ પટેલ,શ્રી રતિભાઈ જોશી, શ્રી કાંતિભાઈ શાહ તથા શ્રી વસંતભાઈ શાહને ફાળે જાય છે.આવી વિભુતિઓનું જીવન અને કવન આલેખવું એ ઇતિહાસના એક વણખેડાયેલ પાસાને ઉજાગર કરવા બરાબર કહી શકાય.આજે ઉપરોક્ત વિભુતિઓમાંથી માત્ર શ્રી વસંતભાઈ શાહ હયાત છે તેમજ સાચા અર્થમાં સર્વોદયરૂપી તેમજ ગાંધીવાદી જીવન જીવી રહ્યા છે.તેમને રૂબરૂ મળીને માઢી આશ્રમની મહત્વની કડીઓ જાણવામાં ખુબ મદદ રહી.


શ્રી રામુભાઈ ચિ. પટેલ


શ્રી રતિભાઈ જોશી




શ્રી કાન્તિભાઈ મ. શાહ



શ્રી વસંતભાઈ મ. શાહ

**(૧) શ્રી રામુભાઈ ચિ. પટેલ :**

**(૧.૧) જન્મ અને બાલ્યકાળ :**

ખાદી જગતમાં ભીષ્મ પિતા તરીકે જાણીતા એવા શ્રી રામુભાઈ ચિ. પટેલનો જન્મ મહેસાણા જિલ્લાના પોતાના મોસાળ ગામ લાંઘણજમાં તા.૨૭-૧૧-૧૯૨૯નાં રોજ થયો હતો. રામુભાઈના પિતાશ્રી ચીમનભાઈનું વતન ગોજારીયા.પિતાશ્રીએ એ જમાનામાં અંગ્રેજી દસ ધોરણ સુધીનું શિક્ષણ લીધું હતું. ગાંધીજીએ ૧૯૪૨માં શરુ કરેલ 'અંગ્રેજો ભારત છોડો'ની ચળવળમાં ચીમનભાઈએ સક્રિય ભાગ લીધો હતો ત્યારે રામુભાઈની ઉંમર ૧૩ વર્ષની હતી.પિતા પ્રભાત ફેરી, સરઘસો કાઢતા; ખાદી ફેરી કરીને લોકોને ખાદી પહેરવા પ્રેરતા હતા, તે પણ બાળવયે રામુભાઈએ જોયું હશે.એટલે જ કદાચ ખાદી સિવાય કોઈ વાત તેમની નજરમાં ન આવે.એમનાં આયોજનોમાં ક્યાંય ભવ્ય કાર્યક્રમો, દેખાડો કે શોમેનશીપ જરા પણ ન મળે.આરોગ્ય કેન્દ્ર ચાલુ કરવા કોઈ ઉદ્દગાટન સમાંરભ યોજ્યો નહી.કામચાલુ કરો તે જ શુભારંભ. ખાદીકામ સિવાય ભાગ્યે જ કોઈ પ્રવાસ કર્યો હશે.કહેવાય છે કે માઢીની ખાદી અન્ય કેન્દ્રો કરતાં સસ્તી મળે છે.તે રામુભાઈની મહેનત અને આવડતનું પરિણામ હશે.

**(૧.૨) ઘડતરકાળ :**

વર્ષ ૧૯૫૦માં એસ.એસ.સી. પાસ કરીને રામુભાઈએ ગોજારીયા કેળવણી મંડળમાં શિક્ષક તરીકે કામ કર્યું. '૫૧માં ગોજારીયા સ્કુલમાં કાંતણ-વણાટનો ઉદ્યોગ શીખવવાનું ચાલુ

કર્યું.'૫૫માં ગાંધીજીના ભત્રીજા કૃષ્ણદાસ ગાંધી પાસે અંબર ચરખાની તાલીમ મેળવીને ગોજારીયા હાઇસ્કુલમાં અંબર ચરખા કેન્દ્ર ચાલુ કર્યું.

વચ્ચેના ગાળામાં તેઓ મુંબઈની જે.જે. સ્કુલ ઓફ આર્ટમાં કાગળના માવામાંથી રમકડાંબનાવવાના તેમજ આસન, શેતરંજી અને કાપડ વણાટ તથા ડાઈંગ,પ્રિન્ટીંગ કામની તાલીમ મેળવી હતી.૧૯૫૮માં રતિભાઈ જોશીના આમંત્રણથી સર્વોદય આશ્રમ, વાલમના સંચાલક તરીકેની તેમજ ખાદી વિદ્યાલયના આચાર્યની જવાબદારી સ્વીકારી.તેઓ સંસ્થાના પ્રમુખ પણ બન્યા અને વાલમ આશ્રમના ટ્રસ્ટી પણ બન્યા.

૧૯૬૦માં ગાંધી આશ્રમમાં, અમદાવાદ પાસે આવેલી ખાદી ગ્રામોદ્યોગ પ્રયોગ સમિતિએ છ ત્રાકનો સંયુક્ત અંબર ચરખો વિકસાવ્યો હતો. આ ચરખાને ખાદી ગ્રામોદ્યોગ કમીશનની માન્યતા મળી. આવા ચરખાઓના ઉત્પાદન માટે કારીગરોને તાલીમ આપવા માટે તેમજ તે વિભાગના વ્યવસ્થાપક તરીકે શ્રી કૃષ્ણદાસભીના આગ્રહથી એક વર્ષ કામ કર્યું. ત્યારબાદ વાલમ આશ્રમમાં પાછા આવીને કામે લાગ્યા.

**(૧.૩) ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડમાં મહત્વની જવાબદારી** :

૧૯૬૦માં ગુજરાત રાજ્યની અલગ રચના થઈ.ગુજરાત સરકારે ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની રચના કરી અને પ્રથમ બોર્ડના અધ્યક્ષ શ્રી બાબુભાઈ જશભાઈ બન્યા. બાબુભાઈ, રામુભાઈના ખાદીકામથી ખુબ પ્રભાવિત થયા.રામુભાઈની ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની ખાદી સમિતિમાં સભ્ય તરીકેની વરણી કરવામાં આવી.જયારે બાબુભાઈ જનતા સરકારમાં મુખ્યપ્રધાન બન્યા ત્યારે રામુભાઈને બે ટર્મ માટે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સદસ્ય સચિવ તરીકે પસંદ કર્યા હતા. સામાન્ય રીતે આ પદ પર કોઈ રાજકીય પક્ષની વ્યક્તિની પસંદગી કરવામાં આવતી હોય છે. રામુભાઈ યુવા અવસ્થામાં કોંગ્રેસ સેવાદળમાં પ્રવૃત્ત થયા હતા પરંતુ વાલમ આશ્રમના ડાહ્યાભાઈના કહેવા પ્રમાણે કોઈ રાજકીય પક્ષના સભ્ય બન્યા ન હતા, ન કોઈ ચૂંટણીમાં ઉભા રહ્યા, ન કોઈ પક્ષના ઉમેદવાર માટે ચૂંટણીપ્રચાર કર્યો.

**(૧.૪) સર્વોદય આશ્રમ, માઢીની સ્થાપના અને અદ્વિતીય સફળતા** :

૧૯૬૬માં રામુભાઈ, વસંતભાઈ અને કાંતિભાઈ શાહ (બંને ભાઈઓ) સાથે મળીને સાબરમતીના કાંઠા વિસ્તારના ગામ માઢીમાં સર્વોદય આશ્રમ,માઢીની સ્થાપના કરી અને ખોદકામ ચાલુ કર્યું.[૧]

વર્ષ ૧૯૮૭-૮૮માં દુષ્કાળના સમયમાં મેઘરજ તાલુકામાં એક વર્ષમાં એક હજાર ચરખા ચાલુ કરી લાખો રૂ. ની રોજી અપાવી.૧૯૯૧માં ખાદી સંસ્થાઓમાં પડેલી અનીતિ દુર કરવાની અને બોગસ સંસ્થાઓને બંધ કરવાની કપરી કામગીરી પ્રસન્નવદન મહેતા સાથે મળીને પાર પાડી.વર્ષ ૨૦૦૧માં ઝીણાભાઈ દરજીના અધ્યક્ષ સ્થાને ગાંધીજીના સૂત્ર 'કાંતે તે પહેરે અને પહેરે તે જરૂર કાંતે' ના અમલીકરણ માટે બે ત્રાકના ૮૦૦ ઉપર અંબર ચરખા ચાલુ કરાવી આપી ખાદી કાંતનાર અને પહેરનારની સંખ્યા વધારવાની પ્રવૃત્તિ શરુ કરાઈ.સ્વાવલંબી સુતર વણાવી

આપવાની અથવા એટલા સૂતરમાંથી ખાદી તૈયાર થાય તેટલી કિંમતની અન્ય ખાદી આપવાની વ્યવસ્થા કરાઇ.

રામુભાઈએ પોતાની સંસ્થા થકી એક સમયે ખાદી ઉત્પાદનમાં વાર્ષિક રૂ.પાંચ કરોડનો લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો. આજે પણ કપરા સંજોગોમાં સંસ્થા એક કરોડ રૂ.ની આખી વરસે દહાડે પેદા કરે છે. એક સમયે તેમના કેન્દ્ર થકી ૫૦૦૦ અંબર ચરખા આબુ તેમજ આદિવાસી પૂર્વ પટ્ટીમાં ચાલતા હતા.માઢીની ૩૦૦ અને વાલમની ૨૦૦ શાળથઈ કુલ ૫૦૦ શાળ તેઓ ચલાવતા હતા.

રામુભાઈ ટોળટપ્પાના માણસ નહી.હળવાસના માંસ નહી.તેમનામાંથી કામની ગતિનો ધોધ વહ્યા.કોઈ કાર્યકર હાજર હોય કે ન હોય, જરૂર પડે કોઈ પણ કામ કરવા જાતે લાગી જાય. ઉત્પાદન ક્ષેત્ર હોય કે વહીવટીય હિસાબનું કામ હોય, બંનેમાં તેઓ પુરા નિષ્ણાંત.ક્યારેક પોતાનું ધારેલું કામ કરાવીને જ જંપે. બીજાને સાંભળવાનું પણ ટાળે.પોતાના ખાદીના કાર્યકર્તાઓ સાથે તેમજ કોન્ટ્રાક્ટરના માણસો સાથે કામ લેવામાં ખુબ જ કડક , પરંતુ ટ્રસ્ટીશીપના માહોલમાં વધુ ઉત્પાદન થાય તો રોજી વધુ ચુકવે.ક્યારેક વર્ષમાં બે વખત પગાર વધારો કરે. કોન્ટ્રાક્ટરના માણસોને વાજબી પૈસા બરાબર ચુકવે.

આમ તો માઢી આશ્રમ અને વાલમ આશ્રમ, બંનેમાં રામુભાઈ સક્રિય રહ્યા.બંને આશ્રમે ઉત્તર ગુજરાતને ખાદીના નકશા પર મૂકી આપ્યા.રામુભાઈ અખાદ્ય તેલનો-ખાસ તો લીંબોળીના તેલમાંથી ન્હાવાનો સાબુ બનાવીને સમાજને ચરણે ધર્યો.આજે પણ વાલમનો ન્હાવાનો લીમડાનો સાબુ વખણાય છે.

વર્ષ ૨૦૦૪માં રામુભાઈને હાર્ટ એટેક આવવાથી હ્દયનો ખરાબ વાલ્વ બદલવો પડ્યો. એ પછી પણ એમનું કાર્ય થંભ્યું નહી.સરકારે વર્ષ ૨૦૧૦થી ખાદી વસ્ત્ર અને પોલી વસ્ત્રના છૂટક વેચાણ પરનું વળતર અને વિશેષ વળતર આપવાનું બંધ કર્યું ને તેના સ્થાને બજાર વિકાસ સહાય આપવાનું નક્કી કર્યું.રામુભાઈએ આનો રચનાત્મક વિરોધ કર્યો.ઉંમર વધતાં શરીર થાક્યું. છેલ્લે પાર્કિન્સન્સની અસર દેખાવા લાગી હતી.

**(૧.૫) કુષ્ઠરોગી ભાઈ-બહેનોને સ્વમાન અપાવ્યું** :

રક્તપિત્ત ગ્રસ્તોને રક્તપિત્ત મટી ગયા પછી સમાજ કે ખુદ તેમના સ્વજનો પણ સ્વીકારતા નથી. તેથી તેમને રોટલો અને ઓટલો મળે તે માટે રામુભાઈએ સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટને કુષ્ઠરોગીઓની હોસ્પિટલ અને પુનર્વસન કેન્દ્ર માટે સર્વોદય આશ્રમ, માઢીની પચીસ એકર જમીન આપી.તેમાં વસતાં કુષ્ઠરોગીઓ પૈકી એકસો સોળ મળી ૩૩૧ કુષ્ઠરોગીઓને વાર્ષિક રૂ.ચોવીસ લાખ એકવીસ હજારની રોજી કમાતા કરી, કુષ્ઠરોગીઓને સ્વમાન,સુરક્ષા અને સ્નેહભર્યું જીવન જીવતા કરી શકાય છે તેની પ્રતીતિ સમાજને કરાવી છે.

**(૧.૬) ખાદી જગતનું મિત્ર વર્તુળ** :

રામુભાઈના મિત્ર મંડળના મિત્રોને મહદંશે ત્રણ પ્રકારના જુથમાં ફાળવી શકાય. (૧) યુવા ઉંમરે સેવાદળના મિત્રો,(૨) સામાજિક ક્ષેત્રે કામ કરતા મિત્રો, (૩) ખાદી જગતના મિત્રો.

રામુભાઈના પ્રેરણસ્ત્રોત તરીકે બે નામ લઈ શકાય, શ્રી રતિભાઈ જોશી(વાલમ) અને ડૉ.શ્રી દ્વારકાદાસ જોશી(વિસનગર). યુવા ઉંમરે મળેલા મિત્રોમાં સાંકળચંદભાઈ પટેલ, મોતીભાઈ ચૌધરી, રીખવચંદભાઈ, માંન્કુસિંહ સુવર્ણકાર, શંભુભાઈ નાયક, ઘેમરભાઈ ચૌધરી, બાબુભાઈ (ઝીલીયા),વાલજીભાઈ (વાલમ), મનુભાઈ પટેલ(ચાણસ્મા), માલજીભાઈ દેસાઈ(ઝીલીયા),હરીશભાઈ, ખાદી જગતના સ્વ.હરગોવિંદભાઈ (ગોંડલ), મનુભાઈ મહેતા(સાવરકુંડલા), દેવેન્દ્રભાઈ દેસાઈ (રાજકોટ).

વાલમ આશ્રમના શ્રી ડાહ્યાભાઈએ તેમની સાથે ૫૦ વર્ષ ઉપરાંત કામ કર્યું છે.સ્વભાવમાં ઉગ્રતા છતાં એકબીજાના કામને વરેલાં એટલે અંદરનો ભાવ સમજી કામ ચાલતું રહ્યું.વસંતભાઈ અને કાંતિભાઈએ તો સંસ્થાની શરૂઆતથી આ સુધીનો સાથ નિભાવ્યો.

**(૧.૭) અંતિમ પર્વ** :

ખાદીકામના પાયા તેટલા કર્યા પછી જીવનના અંતિમ પર્વમાં 'વર્ક ઈઝ વરશિપ'નો મંત્ર ધીમો કરીને થોડું વાચન તરફ વળ્યા.આમ તો 'મંગળ પ્રભાત'નું વાચન કરતા રહેતા હતા. શ્રી અરવિંદ સાહિત્યનું 'અર્પણ' માસિક પણ વાંચતા થયા હતા.લાયબ્રેરી પણ વસાવવાનો શોખ ખરો.મદ્રાસમાં વસતા શ્રી અરવિંદ ભક્ત મિત્ર વિઠ્ઠલભાઈના આગ્રહથી પાંડીચેરીની યાત્રા પણ કરી આવેલા.

ખાદી અંગે તેમને લાગ્યું કે ખાદીને સરકારમુક્ત કરીએ તો જ ટકી શકે.છેલ્લા વર્ષોમાં તેઓ સરકાર પાસેથી ખાદીનું કોઈ વળતર લેતા ન હતા. ખાદી લોકઆધારિત બનવી જોઈએ.સરકાર આધારિત નહી.પોલીવસ્ત્રના તેઓ વિરોધી હતા.[૨]

રામુભાઈએ સર્વોદય આશ્રમ, માઢીના ખાદીકામને લોક આધારિત, ગ્રામાભિમુખ અને સ્વાવલંબી બનાવવા સંકલ્પ કર્યો અને ૧-૪-૨૦૦૫થી ખાદી બોર્ડનું રીબેટ લેવાનું બંધ કર્યું.એમણે ઉત્તર ગુજરાતના ૭૫ ગામોમાં સ્વાવલંબી કતાઈ કેન્દ્રો શરુ કરવામાં લોકોનો સહકાર મળ્યો. ૩૧મી મેં,૨૦૧૭ના રોજ તેઓનો સ્વર્ગવાસ થયો.સર્વોદય આશ્રમ,માઢીએ પોતાનો કર્ણધાર ગુમાવ્યો.તેઓના માનમાં તેઓની પ્રથમ પુણ્યતિથી તા.૩૧મી મે,૨૦૧૮ના રોજ કંચન-હીરા આયુર્વેદિક કેન્સર એન્ડ રીસર્ચ સેન્ટરમાં 'શ્રી રામુભાઈ સી.પટેલ નેચરોપેથી ઉપચાર કેન્દ્ર' શરુ કરવામાં આવ્યું છે.[૩]

રામુભાઈના જવાથી ગુજરાતે અને વિશેષ ઉત્તર ગુજરાતે એક નિષ્ઠાવાન નિર્ભય સ્પષ્ટ વક્તા , ખાદીને સંપૂર્ણ વરેલા એક મોટા ગજાના સમાજ પરિવર્તનના યોદ્ધાને ગુમાવ્યા છે.રામુભાઈ સર્વોદય આશ્રમ,માઢીના સંચાલક ટ્રસ્ટી ઉપરાંત સર્વોદય આશ્રમ, વાલમ , ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ મંડળ-અમદાવાદ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ સંઘ,ગ્રામભારતી-અમરાપુર, જનરલ હોસ્પિટલ-વિજાપુર, આશ એજ્યુકેશન ટ્રસ્ટ-વિજાપુર સહિત અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા.

**(૨) શ્રી કાન્તિભાઈ મ. શાહ**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આચારવિચારના પ્રખર ઉપાસક, સર્વોદય વિચારધારાના ભેખધારી, ગીતાના જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગથી રસાયેલ વ્યક્તિત્વ તેમજ શ્રીમદ રાજચંદ્રના વિચારોથી પ્રભાવિત સેવાભાવી સ્થિતપ્રજ્ઞ એવા સર્વોદય આશ્રમ માઢીના સ્થાપક ટ્રસ્ટી અને સંસ્થાના પૂર્વ પ્રમુખ પરમ શ્રેધ્ધેય શ્રી કાંતિભાઈ શાહનો જીવાત્મા પરમ શાંતિ સાથે તાં. ૧૭-૦૧-૨૦૧૫ ને શનિવારે બપોરે ૨:૨૦ કલાકે પરમાત્મામાં વિલિન થઈ શાશ્વત શાંતિને પામ્યા તે ઘટના માનસપટ પર અવિસ્મરણીય રહેશે.

વિજાપુર તાલુકાના હાલના (હાલના માણસા તાલુકાના) બિલોદરા ગામની સંસ્કારી વૈષ્ણવ પરિવારમાં પિતાશ્રી મથુરદાસ ધનજીભાઈ શાહ અને માતા મણીબાની કુખે તાં. ૦૬-૦૬-૧૯૨૨ના રોજ શ્રી કાંતિભાઈનો જન્મ થયો હતો. પિતાજી ખુબજ ભોળા સ્વભાવના તેમજ માતા ખુબજ ધાર્મિક ભક્તિભાવ ધરાવતાં સ્નેહાળ હતાં. છ ભાઈ અને બે બહેનોના પરિવારમાં તેઓ પાંચમું સંતાન હતાં. તેમનું પ્રાથમિક શિક્ષણ બિલોદરા પ્રાથમિક શાળામાં, માધ્યમિક શિક્ષણ પિલવાઈ અને કડીની હાઈસ્કૂલમાં થયું હતું. વડોદરા ખાતે બી.કોમનો અભ્યાસ ઇન્ટર સુધી કર્યા બાદ ગાંધીજીની સ્વરાજની ચળવળને કારણે અભ્યાસ છોડી આર્થિક ઉપાર્જન અર્થે મુંબઈ ગયા હતા.

ગાંધી જીવન આચારથી રંગાયેલ અને રચનાત્મક કાર્યક્રમોથી પ્રભાવિત શ્રી કાંતિભાઈને મુંબઈનું શહેરી જીવન રાસ આવતું ન હતું. કોલેજ અભ્યાસ દરમિયાન ખાદીનો પરિવેશ, જાતે રેંટીયો પર કાંતવાની પ્રવૃત્તિ તેમજ હિન્દુસ્તાન ખરેખર ગામડાંમાં વસે છે, જેમાં વસતા લોકોનું જીવન બહેતર બને તેવા ઉદ્દેશ અને ખેવના સાથે મુંબઈમાં નાગરિક પુરવઠાના રેશનીંગ ઈન્સપેક્ટરની નોકરીને તિલાંજલિ આપી વતનમાં પરત આવ્યા. વતનમાં બંધ સહકારી ગ્રાહક મંડળીને પુર્નજિવિત કરી પગભર બનાવી, તો ગામના વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ માટે ચાલીને બહારના ગામે ભણવા ન જવું પડે તદર્થ સર્વ સેવા મંડળની સ્થાપના કરી વિનય મંદિર-માધ્યમિક શિક્ષણની સુવિધા ઊભી કરી. જે સંસ્થા ઉત્તરોત્તર વિકસી શ્રી ઈશ્વરસિંહજી શિવાજી ચાવડા હાઈસ્કૂલ તરીકે વિકસી ગ્રામજનોની શિક્ષણની જરૂરિયાત સુપેરે સંતોષ છે.

સર્વોદય આશ્રમ વાલમાં ખાદી કાર્યકર તરીકેની સેવા સ્વીકારી ગામેગામ ખાદી વેચાણ ફેરી તથા પ્રચારની પ્રવૃત્તિમાં કાર્યરત હતા. તે વખતે મહેસાણા જિલ્લામાં શ્વેતક્રાંતિ માટે શ્રી માનસિંહભાઈ પટેલે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની પ્રવૃત્તિ શરૂ કરવા એક પ્રમાણિક નિષ્ઠાવાન હિસાબનીશની કામગીરી માટે શ્રી રતિભાઈ જોષી પાસે માંગ કરતાં શ્રી કાંતિભાઈએ તે સ્વીકારી અમદાવાદ ખાતેના સંઘના કાર્યાલયથી શરૂ કરી હતી. મહેસાણા ખાતે કાર્યરત થઈ. એક નિસ્પૃહી પ્રમાણિક કાર્યરતતરીકે નિષ્ઠાપૂર્ણ કાર્યક્ષમ કામગીરી કરી ડેરી સધ્ધર નાણાંકીય સ્થિતિ પર સુસ્થિર થતાં પુન: ગ્રામસેવા કાર્યરત થવાથી ખેવના સાથે ત્યાંથી રાજીનામું આપી છૂટા થયા હતા. તે સાથે વિજાપુર તાલુકાના માઢી ખાતે સર્વોદય આશ્રમ માટે ગ્રામજનોના સહયોગ અને જમીન મળતાં શ્રી રામુભાઈ પટેલ અને લઘુબંધુ શ્રી વસંતભાઈ શાહની સેવાઓથી અને શ્રી કાંતિભાઈની બચતના રોકાણથી સર્વોદય આશ્રમ, માઢી ની સ્થાપના ટ્રસ્ટીશીપની ભાવનાને અનુરૂપ કરી. આ

ગાળા દરમિયાન વડનગર ખાતે શ્રી દ્વારકાદાસભાઈ જોષીના સાનિધ્યમાં રહી ખાદી ભંડારની સ્થાપના અને વહીવટ કર્યો, બાદ તે તેમના ભાઈશ્રી નટવરલાલને સોંપી પોતે પણ માઢી સર્વોદય આશ્રમમાં સક્રિય સંસ્થાના પ્રમુખ તરીકેની કામગીરી બજાવી. આ કામગીરી તેઓએ બે એક વર્ષ પહેલાં ઉંમરને કારણે સર્વોદય આશ્રમના સંચાલક અને સંસ્થાના મંત્રી શ્રી રામુભાઈ પટેલને પ્રમુખ તરીકેની કામગીરી સુપ્રત કરી. તેઓશ્રી જીવ્યા ત્યાં સુધી એક વડીલ મુરબ્બી તરીકે ટ્રસ્ટીશીપની ભાવના સાથે ખૂબ જ ઉમદા કામગીરી ખાસ કરીને કાંઠા વિસ્તારના ગામોમાં ખાદી ગ્રામોદ્યોગ ઈત્યાદિની કરી સમગ્ર વિસ્તારની સામાજિક, આર્થિક વિકાસમાં નોંધપાત્ર કામગીરી કરી હતી. સાથે સાથે આજથી અઢારેક વર્ષ પહેલાં તેમના પાસેથી મૂડી મહદંશે સુયોગ્ય કામગીરીમાં સુઆયોજિત રીતે વપરાય તદર્થ શ્રી કાંતિભાઈ મથુરદાસ શાહ ગ્રામવિકાસ ટ્રસ્ટ, સર્વોદય આશ્રમ માઢી ખાતે શરૂ કરી, તે દ્વારા કૃષિ વિકાસ, ગોપાલન, બાળ શિક્ષણ, વનીકરણ, ખાદી પ્રચાર પ્રસાર, આરોગ્ય શિબિર ઈત્યાદી ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. છેલ્લાં પાંચેક વર્ષ પહેલાં લઘુબંધુ શ્રી વસંતભાઈના જીવનકાર્ય, કુદરતી જીવન નીતિરીતિમાં કુદરતી આહાર (અપકવ) ઈત્યાદીને લક્ષમાં લઈ વસંત કુદરતી ઉપચાર, યોગ તાલીમ અને સંશોધન કેન્દ્રની સ્થાપના કરી અઢાર પથારીઓ સાથેની વિવિધ પ્રકારની સુવિધા સેવા માટે જરૂરી મકાનો, સાધન સામગ્રી સાથેની હોસ્પિટલ-ઉપચાર કેન્દ્ર શરૂ કરેલ છે. જે આજુબાજુનાં ગામો અને દુર સુદુરના વિસ્તાર અને શહેરોમાંથી એલોપેથી પદ્ધતિથી થાકેલા-હારેલા દર્દીઓ અહીં સારવાર લઈ સ્વસ્થ થયાના અનેક કિસ્સાઓથી આ કેન્દ્રનો ઉત્તરોત્તર વિકાસ થઈ આ વિસ્તારમાં નિરામય નિર્બળ સ્વાસ્થ્ય થયાના અનેક કિસ્સાઓથી આ ગુણાત્મક કુદરતી સારવાર સંસ્થા કાર્યરત રહી સેવા બજાવતી રહેશે તેવી અપેક્ષા છે.

સમાજ સેવામાં કાર્યરત કર્મઠ નિષ્ઠાવાન ગાંધી આચારવિચારને સમર્પિત સર્વોદયી ભેખધારી શ્રી કાંતિભાઈએ પોતાના પરિવારમાં આવા સંસ્કાર સિંચન અને સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ માટે લઘુબંધુ શ્રી રમણભાઈ, શ્રી વસંતભાઈ અને તેમના ભત્રીજા શ્રી સુમંતભાઈ તથા ભાણાભાઈ શ્રી ચંપકભાઈના સહયોગમાં મણિબા મથુરદાસ શાહ પરિવાર ઉત્કર્ષની ટ્રસ્ટની સ્થાપના કરી. જે પરિવારનાં પચાસેક કુટુંબોમાં સ્નેહભાવ, સહયોગ અને ઉત્કર્ષની કામગીરી બજાવે છે. આ ટ્રસ્ટમાં એક લાખ જેટલી રકમ શ્રી કાંતિભાઈએ આપેલી. પરિવારજનોના સહકાર સહયોગથી આ ટ્રસ્ટ ઉમદા કામગીરી બજાવી રહ્યું છે. શિક્ષણ પ્રોત્સાહન, આરોગ્ય-તબીબી અને આર્થિક સહાયની કામગીરી ઉપરાંત દર બે વર્ષ પરિવાર સ્નેહમિલન ગોઠવી સામાજિક સમરતા સહયોગ, સ્નેહભાવમાં વૃદ્ધિ થાય અને તેઓનો ઉત્કર્ષ થાય તેવી કામગીરી બજાવે છે. આ પરિવાર ટ્રસ્ટ સ્થપાયું તે પહેલાં એટલે કે આજથી પચાસ વર્ષ પૂર્વે શ્રી કાંતિભાઈ તેમના પરિવારજનોનું દર બે વર્ષે સ્નેહમિલન ગોઠવાયેલ છે. છેલ્લું પરિવાર સ્નેહમિલન તાં. ૨૧ થી ૨૩ ડિસેમ્બર-૨૦૧૪માં સર્વોદય આશ્રમ, માઢી ખાતે શ્રી કાંતિભાઈના સાનિધ્યમાં કુદરતી ઉપચાર કેન્દ્ર ખાતે મળ્યું હતું. તેથી તેઓ ખૂબ ખુશ હતા.

સદગતશ્રી કાંતિભાઈ સ્વભાવે ખુબજ નમ્ર, મિતભાષી, માયાળુ, સરળ અને પરગજુ, સિધ્ધાંતપ્રિય, કર્મનિષ્ઠ, પ્રખર સર્વોદયી વિચારધારા અને ગાંધી આચાર વિચારને સાચા અર્થમાં

ચરિતાર્થ કરતું જીવન જીવી ને સાર્થક કર્યું છે. તેઓ અપરણિત હોવા છતાં પરિવારજનોમાં સ્નેહભાવ અને વ્યક્તિ-પરિવાર, સમાજની સેવાથી વિસ્તરી સમષ્ટિ સાથેનું અનુસંધાન કુદરતના સાનિધ્યમાં સાધી એક ઋષિ મુનિ જેવું જીવન વ્યતિત કરી પરમાત્માના ચરણાંવિંદમાં પરમ શાશ્વત શાંતિ પામ્યા. તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી તેમણે સ્થાયેલ સંસ્થા અને ટ્રસ્ટ અવિરત સેવા આપતાં રહે તેવી અપેક્ષા સાથે તેમના જીવનમાંથી પ્રેરણા લઈ તેમનું કાર્ય સતત આગળ વધતું રહે તેવું ગોઠવાય તે જ તેમને સાચી શ્રદ્ધાંજલિ હશે. તેમની જીવન પ્રણાલી અને સેવાઓથી લાભાન્વિત વ્યક્તિઓ, કાર્યકરો, ગ્રામજનો, સમાજજનોને તેમની ખોટ સાલશે, પરંતુ તેમનું જીવન એ જ પ્રેરણાને સ્વીકારી તેમાંથી શીખ મેળવી આપણે સૌ સમાજને ઉપયોગી ઉપકારક કામગીરી કરતાં રહીએ તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના. તેમની કૃપા અને આશીર્વાદ સતત આપણા સર્વેને માર્ગદર્શક બને તેવી શુભકામના.

**(૩) શ્રી વસંતભાઈ મ. શાહ :**

ગાંધી-વિનોબા વિચારધારને નજર સમક્ષ રાખી જીવન જીવતા વસંતભાઈનો જન્મ મહેસાણા જિલ્લાના, વિજાપુર તાલુકાના બીલોદરા ગામમાં શાહ મથુરદાસ ધનજીદાસ અને મણીબા મથુરદાસના પરિવારમાં તા. ૦૭-૦૭-૧૯૩૩ ના રોજ થયો હતો. તેઓ છ ભાઈઓમાં સૌથી નાના હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ બીલોદરામાં લીધું અને માધ્યમિક શિક્ષણ પિલવાઈની જી.સી.હાઈસ્કૂલમાં છાત્રાલયમાં રહી લીધું. તેઓ સને ૧૯૫૧માં એસ.એસ.સી. પાસ કરી મુંબઈ ગયા. મુંબઈમાં વિક્ટોરિયા જ્યુબિલી ટેકનીકલ ઇન્સ્ટીટયુટનો કેમીકલ ડાયસ્ટફ ટ્રેડ ડ્રાઈંગ પ્રિન્ટીંગનો ચાર વર્ષનો કોર્ષ ગર્વનમેન્ટ એપ્રેન્ટિસ તરીકે આઈ.સી.આઈ. કંપનીની લેબોરેટરીમાં કર્યો.ચાર વર્ષનો કોર્ષ ગર્વનમેન્ટ એપ્રેન્ટીસ તરીકે આઈ.સી.આઈ. કંપનીની લેબોરેટરીમાં કર્યો. ચાર વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ થયેથી આ.સી.આઈ. કંપનીમાં ટેકનીકલ આસિસ્ટન્ટ તરીકે સેવા આપવાનું શરૂ કર્યું. મોટાભાઈ શ્રી કાન્તીભાઈ ગ્રામસેવા કરવા માટે મુંબઈ છોડી સર્વોદય આશ્રમ, વાલમમાં જોડાયા હતા. તેની અસર વસંતભાઈને થતાં તેઓ પણ આઈ.સી.આઈ.ની નોકરીમાંથી રાજીનામુ આપી સને ૧૯૫૮માં સર્વોદય આશ્રમ,વાલમમાં જોડાયા. સર્વોદય આશ્રમ, વાલમના સંચાલક શ્રી રતિભાઈ ગોંધિયાની માગણીથી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિમાં ગ્રમોધોગ મંદિર પેડકામાં રંગ નિષ્ણાત તરીકે જોડાયા.તેમજ એક વર્ષ બાદ ગ્રામોધોર મંદિર, પેડકના મુખ્ય વ્યવસ્થાપક તરીકેની જવાબદારી સને ૧૯૬૭ સુધી સાંભળી. છેલ્લે બિહાર દુષ્કાળ રાહત કામમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પ્રતિનિધિ તરીકે સેવા આપી ત્યાંથી સીધા સર્વોદય આશ્રમ, માઢીમાં સેવા આપવા જોડાયા અને શ્રમ આધારિત ગ્રામસેવાનું કામ સ્વીકારી સંસ્થાનાં ખાદી ગ્રામોદ્યોગોનાં, સજીવ ખેતી, બાગાયત, ગોપાલન,વૃક્ષ ઉછેર, સાહિત્ય પ્રચારના કામો કરવાનું શરૂ કર્યું. તેમજ સંસ્થામાંથી કોઈ વેતન લીધા સિવાય સ્વાલંબી જીવન જીવવાનું શરૂ કર્યું. તેમજ ડૉ. દ્વારકાદાસ જોષીના અધ્યક્ષ પદે સર્વોદય મંડળમાં મંત્રી તરીકે સેવાઓ આપવાનું શરૂ કર્યું. ખાદી ગ્રામોદ્યોગ પ્રયોગ સમિતિ, અમદાવાદના સહયોગથી શ્રી કૃષ્ણદાસ ગાંધીના માર્ગદર્શન નીચે સોજા ગામમાં સ્વાવલંબી ખાદીનો કાર્યક્રમ ચલાવ્યો તેમજ કાન્તિભાઈ મથુરદાસ શાહ ગ્રામવિકાસ ટ્રસ્ટ દ્વારા ગોપાલનની પ્રવૃતિ શરૂ કરી

આસપાસના ગ્રામજનો બેસી ગાયો પાળતા થાય તે માટે લોન સહાય આપવાનું શરૂ કર્યું. તેમજ આયુર્વેદ કોલેજ, લોદરાના સહયોગથી માઢી ગામમાં આયુર્વેદ દવાખાનું એક વર્ષ ચલાવ્યું. છેલ્લાં પાંચ વર્ષથી કાન્તિભાઈ મથુરદાસ શાહ ગામવિકાસ ટ્રસ્ટ સંચાલિત વસંત કુદરતી ઉપચાર, યોગ, તાલીમ અને સંશોધન કેન્દ્રના સંચાલનમાં સેવા આપી રહ્યા છે. સને ૧૯૭૦થી દૂધ ઘી સિવાયનો અપકવ આહાર ખાવાનું કરે છે. તેમજ ઓછામાં ઓછા ખર્ચે કેમ જીવાય તેનો પ્રયોગ ચાલુ છે. હાલ ખાદી છે. હાલ ખાદી વેચાણ અને સર્વોદય સાહિત્ય વેચાણને મુખ્ય પ્રવૃતિ બનાવી જીવન પ્રસાર કરી રહ્યા છે.[૪]

**(૪) શ્રી રતિભાઈ જોશી** :

શ્રી રતિભાઈ જોશીનો જન્મ તા.૧૮-૫-૧૯૧૩ના રોજ વિસનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો.પિતાનું નામ કાલિશંકર મૂળશંકર જોશી અને માતાનું નામ સંતોકબા હતું. માતાનું આરોગ્ય સારું ન રહેતું હોવાથી માત્ર ૧૮ માસની ઉંમરે રતિભાઈને મોસાળ કચ્છ-ભૂજ લઈ જવાયા.માતામહ દાદા નરોત્તમરામ રણછોડજી ભટ્ટની સારસંભાળમાં માતામહી દાદી અનોપબા અને વિધવા માસી મહાકોરબાના હાથે તેમનો ઉછેર ને ઘડતર જતન અને સંભાળથી થયું. રતિભાઈની પોણા ચાર વર્ષની ઉમરે માતા સ્વર્ગવાસી થયા; ને રતિભાઈએ જનનીનું છત્ર ગુમાવ્યું.

માતામહ-દાદા નરોત્તમરામ પ્રસિદ્ધ કર્મકાંડી, દેવી ભક્ત અને શક્તિ ઉપાસક હતા; ધંધો વૈદકનો હતો અને કચ્છમાં તે એક પ્રતિષ્ઠિત વૈદરાજ ગણાતા. ગાંધીજીની ‘નઈ તાલીમ’ ની દ્રષ્ટિ ભારતને મળે તે પહેલાંથી આ વૃદ્ધ પુરુષમાં શિક્ષણ વિશેના એવા સિદ્ધાંતો અને દ્રષ્ટિ હતા.તેમણે રતિભાઈને ઉદ્યોગશાળામાં ભણવા મૂક્યા.ઘર આગળ તેમણે બાળક રતિભાઈને સો-સવાસો જેટલા સંસ્કૃત શ્લોકો અને સ્ત્રોતો કંઠસ્થ કરાવ્યાં, જેણે રતિભાઈનું આધ્યાત્મિક જીવન ઘડ્યું અને સંગીત તથા ગાવાનો શોખ જગાડ્યો.રતિભાઈના જીવનઘડતરમાં તેમના માતામહ દાદા નરોત્તમરામ ફાળો બહુ જ મોટો અને સ્થાયી છે, ને આજ સુધી એની છાયા જળવાઈ રહી છે.

સાતમા વર્ષે રતિભાઈ ભૂજ છોડી વાલમ આવ્યા. પિતાજી કાલિશંકર જોશીના જાહોજલાલીવાળા કુટુંબની સ્થિતિ આથમી ગઈ.આર્થિક સ્થિતિ ખુબ જ નબળી હતી.વાલમમાં તેમને સરકારી ગુજરાતી પ્રાથમિક શાળામાં ચોથા ધોરણમાં દાખલ કરાયા.પ્રવેશ વખતે લેવાયેલી પરીક્ષામાં સારા ગુણથી ઉત્તીર્ણ થવાથી એ લાભ તેમને મળેલો. ગુજરાતી અભ્યાસ પૂરો થતાં સન ૧૯૨૭માં તેમને વિસનગરની પ્રખ્યાત જી.ડી.હાઇસ્કુલમાં દાખલ કરાયા.અભ્યાસમાં તેજસ્વિતાના કારણે હંમેશા તે પહેલાં અગર બીજા નંબરે પાસ થતા.શિક્ષકો અને સહાધ્યાયીઓની અહી તેમણે ચાહના મેળવી.

સને ૧૯૩૯માં તે મુંબઈ યુનિવર્સીટીની મેટ્રીકની પરીક્ષા પસાર થતાં વાલમ નાગર યુવક મંડળ સંચાલિત વાલમની એ.વી.સ્કુલમાં શિક્ષક નિમાયા.અહી સન ૧૯૩૨ સુધી રહી વિદ્યાર્થી પ્રવૃત્તિઓ, રાત્રિ છાત્રાલય , અખાડા પ્રવૃત્તિ આદિમાં રસ લઈ કાર્ય કર્યું ; ને વિદ્યાર્થીઓમાં પ્રીતિપાત્ર બન્યા. સને ૧૯૩૨માં રતિભાઈ ઉચ્ચ શિક્ષણ માટે વડોદરાની પુરુષ અધ્યાપન પાઠશાળામાં જોડાયા ને અભૂતપૂર્વ ઊંચા માર્ક્સ મેળવી પાસ થતાં તે મેટ્રિક સીનીયર ગણાયા.વડોદરાના વસવાટે તેમના

સાહિત્ય અને સંગીતના રસને ખુબ પોષણ મળ્યું ; ને એ શોખ એમનામાં આજ સુધી જળવાયો છે. સને ૧૯૩૩માં વિસનગર તાલુકાના કુવાસણા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નિમાયા ને સન ૧૯૩૮ સુધી શિક્ષકની નોકરી કરી.

નોકરી છોડી સ્વતંત્ર ધંધો કરવાની ઇચ્છાથી સન ૧૯૩૫માં પહેલી અને સન ૧૯૩૭માં મુંબઈ બાર કાઉન્સિલની એડવોકેટની બીજી પરીક્ષા તેમણે પ્રથમ પ્રયાસે જ પસાર કરી સન ૧૯૩૮માં તેમણે વિસનગરમાં વકીલાત શરૂ કરી; જેમાં તેમણે સારી એવી પ્રતિષ્ઠા ને કીર્તિ જમાવ્યા. આ દરમ્યાન વિસનગર સુધરાઈમાં તે સભાસદ તરીકે ચૂંટાયા ને મહત્વની કમિટીઓમાં ચેરમેન કે અધ્યક્ષ પડે રહી કામ કર્યું. વિસનગર કોલેજ સ્થપાતાં વિદ્વાન અધ્યાપકો ને આચાર્યોના સંસર્ગમાં આવી, જ્ઞાન સૌરભ પ્રાપ્ત કરી,પમરાવી.

તેમનું પહેલું લગ્ન સન ૧૯૩૭માં કચ્છ-ભૂજમાં વૈદરાજ ભાઈલાલભાઈ અંબાલાલના દીકરી યશવિદ્યા સાથે થયું; જેમનાથી એક પુત્રી ચિ.નિરુપમા જન્મી.સને ૧૯૪૪માં સૌ.યશવિદ્યા સ્વર્ગવાસી થયા ને સને ૧૯૫૮માં નાની વયે ચિ.નિરુપમા પણ અવસાન પામી. અમદાવાદના શ્રી ગુણવંતરાય બાપાલાલ વાઘનાં પુત્રી અરવિંદાબહેન સાથે સન ૧૯૪૫માં રતિભાઈએ બીજું લગ્ન કર્યું ; એમનાથી બે પુત્રો ચિ.દિવાકર અને ચિ.સત્યકામ તથા એક પુત્રી ચિ.માલા થયાં.

ગાંધીજીની હત્યાના બીજા દિવસે રતિભાઈએ એક ભીષ્મ નિર્ણય લઈ, સદાને માટે ધીકતી વકીલાત છોડી-મહાભિનિષ્ક્રમણ કર્યું.અનેક સંકટો સહ્યા.અનેક તડકા-છાંયડા જોયા.ધીરજ ન છોડી અને વિસનગર તાલુકામાં વહેતી રૂપેણ નદીના પશ્ચિમ કાંઠે વાલમ ગામ નજીક તા.૨૮-૫-૧૯૪૯ ના દિવસે સર્વોદય આશ્રમ. વાલમની સ્થાપના કરી.[૫]

સર્વોદય આશ્રમ, વાલમથી પ્રેરણા મેળવી જીલ્લામાં કેટલીક રચનાત્મક સંસ્થાઓ ઉભી થઈ જેને એમનું માર્ગદર્શન મળ્યું.સઘનક્ષેત્ર અને ઉ.બુ. વિદ્યાલય-સુલ્તાનપુર, સર્વોદય આશ્રમ, માઢી, સર્વોદય આશ્રમ, ઝીલીયા વગેરેની સ્થાપના થઈ.ઉપરાંત ગ્રામભારતી-અમરાપુર, લોકનિકેતન-રતનપુર જેવી સંસ્થાઓ પણ ઊભી થઈ.એમની સાથે કામ કરતા પૂ.બાબુભાઈ શાહ, જેમણે છાબલીયામાં ધૂણી ધખાવી ગ્રામોદ્ધારનું સુંદર કાર્ય કર્યું અને છેલ્લે તેઓએ ઝીલીયા ખાતે સર્વોદય આશ્રમનું નિર્માણ કર્યું. શ્રી રામુભાઈ ચી. પટેલે વિજાપુર તાલુકાના માઢી ગમે અને વિજાપુરમાં સર્વોદય આશ્રમ, માઢી અને ગ્રામોદ્યોગ વાડી જેવી પ્રવૃત્તિઓ ઉભી કરી. આ બંને સંસ્થાઓ આજે ખુબ જ પ્રગતિ કરી રહી છે. પૂ.રતિભાઈ જીલ્લામાં સર્વોદય અને ગ્રામોદ્યોગ જેવા રચનાત્મક કાર્યોના ઉત્કર્ષ માટે સતત કાર્યરત રહ્યા. પણ છેવટે તબિયત સાથ ન આપતાં હદયની બીમારીને લીધે મન મજબુત હોવા છતાં તેમના દેહે તા.૨૭-૧-૧૯૮૩ના રોજ તેમનો સાથ છોડ્યો અને એમનો આત્મા પરમાત્મામાં વિલીન થઈ ગયો.[૬]

પાદનોંધ :

૧. શ્રી વસંતભાઈ શાહ, સર્વોદય આશ્રમ, માઢીની રૂબરૂ મુલાકાત.(તા.૪/૫/૨૦૧૮)

૨. રૂપેરા, કેતન(સં.), રચનાકર્મી રામુભાઈ,રામુભાઈ ચિ. પટેલ સ્મૃતિ વ્યાખ્યાન માળાના પ્રથમ વ્યાખ્યાન નિમિત્તે સર્વોદય આશ્રમ,માઢી દ્વારા પ્રકાશિત રજની દવેના “રામુભાઈ :જીવન અને કવન, આજીવન ખાદીમાં ખુંપી જનારા લોકસેવક” લેખમાંથી

૩. પટેલ,મફતલાલ, મુઠ્ઠી ઊંચેરો માનવી શ્રી વસંતભાઈ શાહ ,અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,૧૭ જૂન,૨૦૧૮,પૃ.૨૨-૨૩

૪. સર્વોદય આશ્રમ, માઢીના પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ પટેલની રૂબરૂ મુલાકાત (તા.૧૦/૦૬/૨૦૧૮)

૫. મહેતા, હર્ષદેવ, શ્રી રતિભાઈ જોશી જીવન પરિચય, શાહ,રીખવચંદ અને જીતેન્દ્ર અ.દવે અને મનુભાઈ પટેલ (સં),સર્વોદય આશ્રમ, વાલમ ,રજત જયંતિ ઉત્સવ સ્મૃતિ ગ્રંથ,વર્ષ -૧૯૭૪-૭૫

૬.સર્વોદય આશ્રમ, માઢીના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પટેલની રૂબરૂ મુલાકાત, (તા.૪/૮/૨૦૧૮)